પ્રેસ પ્રકાશન
ભારતીય રિઝર્વ બેંક
સંચાર વિભાગ, કેન્દ્રિય કાર્યાલય, એસ.બી.એસ માર્ગ, મુંબઈ-400001
વેબસાઇટ : www.rbi.org.in
ફોન : 91 22 2266 0502 / ફેક્સ : 91 22 2266 0358
ઈ-મેઇલ : helpdoc@rbi.org.in

તારીખ: 31 જાન્યુઆરી 2017

**આરબીઆઈ ધી સીકેપી કો-ઓપરેટીવ બેંક લીમીટેડ,મુંબઈ, મહારાષ્ટ્ર ને જારી કરેલ નિર્દેશો લંબાવે છે**

ધી સીકેપી કો-ઓપરેટીવ બેંક લીમીટેડ,મુંબઈ, મહારાષ્ટ્ર ને તારીખ 30 એપ્રિલ 2014 ના નિર્દેશ દ્વારા 02 મે 2014 ના કામકાજ ના અંત થી નિર્દેશો હેઠળ મૂકવામાં આવી હતી. સમીક્ષા ને આધિન, નિર્દેશોની વૈધતાને સમય સમય પર ત્યાર પછીના નિર્દેશો દ્વારા, અંતિમ તારીખ 28 જુલાઈ 2016 ના આદેશ થી, લંબાવવામાં આવી હતી અને 31 જાન્યુઆરી 2017 સુધી વૈધ્ય હતી.

જાહેર જનતા ની જાણ માટે સૂચિત કરવામાં આવે છે કે સમીક્ષા ને આધિન, 27 જાન્યુઆરી 2017 ના આદેશ દ્વારા ઉપરોક્ત નિર્દેશો ની વૈધ્યતા છ માસ ના સમય ગાળા માટે 01 ફેબ્રુઆરી 2017 થી 31 જુલાઈ 2017 સુધી, 30 એપ્રિલ 2014 ના નિર્દેશ માં નીચે જણાવેલ આંશિક સુધારાઓ સાથે, લંબાવવામાં આવી હતી:

(i) બેંક ને ડીપોઝીટ સામે લોનો નું સમાયોજન કરવા દેવા માં આવે છે, જો ઋણકર્તા સાથે ના લોન એગ્રીમેન્ટ ની શરતો માં જોગવાઈ હોય કે તેના ચોક્કસ ડીપોઝીટ ખાતા (કોઈપણ નામે ઓળખાતા) માં ની રકમ ને બેંક દ્વારા તેના લોન ખાતા માં સમાયોજન /વિનિયોજન કરવા દેવા માં આવે, તો નીચેની વધારા ની શરતો ને અધીન લોન ખાતા ની બાકી નીકળતી રકમ સુધી આવું વિનિયોજન/ સમાયોજન કરી શકાશે:

a. સમાયોજન / વિનિયોજન ની તારીખે ખાતાઓ કે. વાય. સી. અનુપાલિત હોવા જોઈએ.

b. તેમાં સમાવિષ્ટ ત્રાહિત વ્યક્તિ દ્વારા ધારણ કરાયેલ ડીપોઝીટ જે ફક્ત જામીન આપનાર / ગેરંટી આપનાર સુધી મર્યાદિત નથી ને સમાયોજનની મંજૂરી નથી.

c. આ વિકલ્પ નો ઉપયોગ ડીપોઝીટર ને યોગ્ય સૂચના / ની સંમતિ હેઠળ સામાન્ય રીતે એવા કિસ્સાઓમાં કરવો જોઈએ કે જ્યાં સમાયોજનમાં વધુ વિલંબ લોન ખાતાને એન. પી. એ. બનાવવામાં પરીણમતો હોય. સ્ટાન્ડર્ડ લોન (નિયમિત લોન) ના સમાયોજન માટે અને લોન એગ્રીમેન્ટ ની શરતો માં કોઈપણ ફેરફારો માટે ડીપોઝીટર – ઋણકર્તાની પૂર્વ લેખિત સંમતિ આવશ્યક હશે.

d. ડીપોઝીટ કે સમાયોજન કોઈપણ નિયંત્રણો ને અધીન ન હોવું જોઈએ જેવા કે કાયદાની અદાલત, કાનૂની સત્તા અથવા કાનૂન હેઠળ ની અન્ય કોઈ સત્તા નો અટેચમેન્ટ ઓર્ડર / પ્રતિબંધક આદેશ, અર્નેસ્ટ મની ડીપોઝીટ, ટ્રસ્ટ નું દાયિત્વ, ત્રાહિત વ્યક્તિનું લીયન, રાજ્ય સહકારી કાયદાની જોગવાઈ હેઠળ વગેરે.

(ii) બેંક ને નિયમિત અને સલામત સી સી ખાતાઓ (જે વ્યવસ્થિત હોય અને જેમાં વ્યાજ ની ચુકવણી નિયમિત હોય) તેને સ્ટાન્ડર્ડ ધિરાણ તરીકે ગણવાની મંજુરી આપવામાં આવે છે. જોકે, સી સી ખાતાઓનું ઉપાડ ના હેતુ માટે નવીનીકરણ કરવાની છૂટ નથી.

ઉપરના મુદત માં વધારો અને સુધારા ને સૂચિત કરતા તારીખ 27 જાન્યુઆરી 2017 ના નિર્દેશ ની એક નકલ જાહેરજનતાના અવલોકન માટે બેંકના મકાનમાં પ્રદર્શિત કરવામાં આવી છે.

ભારતીય રિઝર્વ બેંક નો ઉપરોક્ત મુદત વધારો અને સુધારો એવું અર્થઘટન સૂચવતો નથી કે બેંક ની નાણાંકીય સ્થિતિમાં વાસ્તવિક સુધારાથી ભારતીય રિઝર્વ બેંક સંતુષ્ટ છે.

અનિરુધ્ધ ડી. જાધવ

સહાયક પ્રબંધક

**પ્રેસ પ્રકાશન: 2016 – 2017/2040**